ॐ નમઃશિવાય.

શિવ શક્તિનો

થાળ તથા આરતિ.

શિવ ભક્તોના

ઉપયોગ સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મેવાડા મણીલાલ ઉમેદરામ.

અમદાવાદ.

પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસ

સને ૧૯૦૬ સવત ૧૯૬૨

હ. કિંમત

ॐ नमः शिवाय.

શિવશક્તિનો થાળ
તથા આરતિ.

શંકરનો થાળ.

ઉઠોને શિવજી આરોગવા, નાહો નિર્મળ નીર,
પાકા તેલ સુગધનાં, મર્દન કરી લો શરીર. ૧
અગુચ્ચા ઉત્તમના, પીતાંબર સાર,
ભસ્મનુ તિલક બનાવીએ, મુક્તાફળ હાર. ૨
ગંગાજળ લોટા ભર્યા, લાડકડા સાર,
સાકર પાણી સ્વાદના, પીઓ મર્વે આધાર. ૩
ફરાળ બહુ પ્રકારના, નારંગીને દ્રાક્ષ,
મીઠા લીંબુ મધુપના, ગુલાબનો પાક. ૪
અખોડ બદામોને એલચી, ફારસા દાડમ દ્રાક્ષ;
આણી તે ખારેક ટોપરા, ખજુરનો પાક. ૫
વરીયાળીને દૂધપાક, માહી મોતીચુર,
પેંડા પતાસાને એલચી, ઘેબર ભરપુર. ૬
શેવ સુવાળીને ચુરમા, લાવશી પચદાળ,
મીઠો ભાત બનાવીઓ, લેજો કામના કાળ. ૭
રાણુ ગોટા કાચલી, આછા આબા ઘોળી,
બીતાવ્યા ગૈર ગાયના, માહી પોળી બોળી. ૮

ખીર ખાંડ વડા વેડમી, પીરશી છે બહુ;
પાર ન જાણું પાકનાં, તમ પાસે શુ ગાઉં. ૯
ઘુંટડા ભરો શિવ દૂધના, લેઈ ચમચા હાથ,
શીખંડ સરખી ભાતનાં, ચાખો વિશ્વના નાથ; ૧૦
અથાણા ઉત્તમનાં, માંહી ઝાઝી છે રાઇ.
કેરી કેરાને કરમદા, ખટમટ ખટાઇ, ૧૧
આબાઅળાંધરને આંબલી, સર્ગવાની ફળીઓ.
ડાડી ડોડાને લીલવા, વળી ચોળાફળીઓ, ૧૨
આદુ કેળાંને રીગણા, તેના કર્યા છે ભજીઆ.
સર્વે વસ્તુ ધરાવી છે, કશુ નથી તજીઆ; ૧૩
આરીઆ રીંગણા મોગરી, જોડે લીલવાસાર.
કાચલી ચટણીઓ મુકી છે, કેહેતા નાવે પાર, ૧૪
પત્રશાક અતી પ્રેમનાં, માંહી પાપડ સુરણ.
ચણા દાળને કોચલા, વળી સાથે પુરણ, ૧૫
મરીરે મીઠા વાટી ભર્યા, સુઠ સારીનો ભુકો.
જેને સ્વાદે જેમા જોઇએ, તેમા લેઇ મુકો, ૧૬
મગ ચણાને તુવરની, છુટી કીધી છે દાળ.
કઢી ધરી છે વડી કેરી જોડે સુંદીર વાલ; ૧૭
મઠા માહી સ્વાદના જીરારૂને રાઇ.
શિવજી બેઠા આરોગવા, ભક્તની ભક્તી જોઇ, ૧૮
આચમન લેઇને ઉઠીઆ, સાથે સોપારીસાર.
પાન તે પાકા માળવી, માહી ખેરસાર, ૧૯
બરાસ લવિંગને એલચી, તે શુ બીડીઓ કીધી.
તેને લીધે સદા શિવે, માગીને લીધી, ૨૦

કાશી મેલા થઈ ગાય છે, થાળ દાસ તમારાં;
કૃપા કરી હરી લેજો, સર્વે દુખો અમારાં. ૨૧

ઉમીયાજીનો થાળ.

આરોગો ઉમયાજી મોરી માય, જમ જમ તારા સુખીઆ થાય મા,
કનક કળસ ગંગાજળ ભરી, અંબાજી આગળ થાળજ ધરી મા.
દ્રાક્ષ ચારોળી બદામો અખોડ, ફારસા લીંબુને કેળાં જોડ મા,
શીંઘોડા સાકર શેલડી, ખડબુચા આબા કાકડી મા.
મગના લાડુને ઘેબર સાક, પેંડા ધારીને દૂધપાક મા.
ખારા તીખાંને તમ તમા, આદુ લીંબુને માહી ધમ ધમા મા.
શ્રીફળ આઇજી વિજયે ભોગ, અનેક દુઃખડા કર્મ સંજોગ મા.
ખીર ખાંડ ઘૃત પુરણ કરી, આરોગો ગિરીજા ચિત્ત ધરી મા,
કેસરી કરમજ મહી ફળ ફુલ, જીરા રસમાજી જમીએ અનુકુળ મા.
દૂધ કઢયા લેઇ આગળ ધર્યા, ધ્રુટ ભરીને માયે આચમન કર્યા મા;
આરોગીને ઉઠ મોરી માય, જુઠણ ભોજન માગી માગી ખાય મા.
સિંહાસન ઉપર સુંદરી, બેઠા માત સખી પરવરી મા,
એલેકે બરાસે બીડી કરી, આણંદ ઉમયા માએ મુખમાં ધરીમા.
એકે આગળ ઢોળેવાય, એકે આગળ નૃત્ય જ થાય મા.
વાગે પંચ શબ્દ નિસાન, ભેર ભુગળ વાગે પરીવાન મા,
સકળ મનોરથ પુરો મોરી માય, બેઉ કરજોડીને કેહે તારો દાસ મા.

શંકરની આરતિ.

ૐ જયદેવ જયદેવ, જય હરી હરા, હર જય હરી હરા;
ગંગાધર ગિરીજાધર (૨) ઇશ્વર ૐકારા. ૐ હરહર માહાદેવ. ૧

વૈકુંઠે વસે વિશ્વંભર, શિવજી કૈલાશે, હર શિવજી કૈલાશે;
હરિકાળા હરગોરા, (૨) એ બે એકાતે. ૐ હરહરહર માહાદેવ. ૨
વાઘંબર પીતાબર, શિવ સામે પેર્યા, હર શિવશામે પેર્યા.
કમળ નયન કેશવને, (૨) શિવને ત્રિનયના. ૐ હરહર. ૩
ચદનચદે ત્રિકમને, ભવને ભસ્માંગે, હરભવને ભસ્માગે,
રામે હૃદયા રાખ્યા, (૨) ઉમયા અર્ધાગે. ૐ હરહર. ૪
કેવડો કેશવને, શિવને ધતુરો, હર શિવને ધંતુરો,
તુળશીપત્ર ત્રિકમને (૨) શિવને બીલીપત્ર. ૐ હરહર. ૫
કૌસ્તભમણી કેશવને, શિવને રૂદ્રમાળા, હરશિવને રૂદ્રમાળા,
માધવને મુકતાફળ (૨) શિવને સર્પકાળા. ૐ હરહર. ૬
નંદીવાહન ખગવાહન, શિવચક્ર ત્રિશળધારી, હર શિવચક્ર ત્રિશળધારી;
ત્રીપુરારી મોરારી (૨) હારકમળા ધારી ૐ હરહર. ૭
રામને ખાધે ધનુષ, શિવ ખાધે ઝોળી, હરશિવ ખાધે ઝોળી,
રામને રીંછ વાનર, (૨) શિવને ભૂત ટોળી ૐ હરહર. ૮
લક્ષ્મીવર ઉમયાવર, શંકર શામળીયા, હર શંકર શામળીયા;
હરિહર નટવર સ્વામિ, (૨) એકાતે મળીયા. ૐ હરહર. ૯
મોહનને માહાદેવ, જે કોઈ ગાશે, હર જે કોઇ ગાશે,
હરિ હરના ગુણ ગાતા (૨) હરિ ચર્ણે જાશે. ૐ હરહર. ૧૦
એ બે એક સ્વરૂપ, અંતર નવ ગણશો, હર અતર નવ ગણશો;
ભોળા ભુદરને ભજતા, (૨) ભવસાગર તરશો. ૐ હરહર. ૧૧
હરિ હરાની આરતિ, જે કોઇ ગાશે, હર જે ભાવે ગાશે,
ભણે શિવાનંદ સ્વામિ, (૨) સુખસંપત થાશે, હર કૈલાશે જાશે.
ૐ હરહરહર માહાદેવ. ૧૨

શંકરની આરતી બીજી.

ૐ જયદેવ જયદેવ, જયત્રંબક રાજન, (૨)
ગંગાધર ગીરજાધર, (૨) શંકર શૂલ પાણીમ;
સદ્યોજાતં પ્રપદ્યામિ, સ્મર્ણું શ્રુતિમંત્રં, (૨)
શાંબં પંચા વકત્રં (૨) ચેતો મમ દૈવં;
સહજં સહજાનંદં, સકલં પરિપૂર્ણ, (૨)
સર્વ બ્રહ્માતિતં, (૨) શ્રૃતિભિ પ્રતિપાદ્ય. ૐ જય. ૧
વામદેવં વંદે, વિદેહિ કૈવલ્યં, (૨)
સદ્યોજાત સિદ્ધિં, (૨) જ્યેષ્ટ શ્રેષ્ટત્વં,
વિભુતિ સુદીર ચર્ચિત, શંભો સર્વાંગ, (૨)
નયામિ રૂદ્રોંકાર, (૨) તારક જગદીશ. ૐ જય. ૨
ભવે ભવે નાતી, ભવેતિ ત્રિનેત્ર, (૨)
ભવસ્વતેજો બુદ્ધિં, (૨) માતા જગદીશં;
અનાથનાથં વંદે, આત્મા જગદીશ, (૨)
મૃગધર પરશુહસ્ત, (૨) શિવ ચંદ્રં મૌલિં. ૐ જય. ૩
અઘોર ઘોરે ઘોરં, હય રૂદ્રોભીમં, (૨)
ભૂતં ભૂતા નાથં, (૨) ભુજગ ફણિભૂષં,
કપર્દિ કૌમારિ, ભયકૃદભય નાશ, (૨)
સર્વે સર્વાધ્યક્ષં, (૨) ભક્તાનુ ગ્રહનંદ. ૐ જય. ૪
તત્પુરૂપાયે વિદ્મય, તન્મય આનંદં, (૨)
માહાતેજો વ્યાપક, (૨) વ્યાપક સર્વજ્ઞ,
ત્રિગુણં ત્રિગુણાતીતં, તત્પર પુરમેશ, (૨)
શંભો નાદં મોદં, (૨) પ્રણવં ૐકારં. ૐ જય. ૫
ઇશાન સર્વે ભૂતં, ભજતે વિધૃક્તં, (૨)

બ્રહ્માદિ પ્રત્યક્ષં, (૨) બ્રહ્મા પરમેશં;
સત્યં સત્યાનંદં, ચિન્મય સાકારં, (૨)
ચિદાનંદોહેતો, (૨) શિવ શિવ ૐકારં. ૐ જય. ૬
કદંબ કનકં બિલ્વં, ડમરૂ સહપૂજ્યં, (૨)
માનવ ભવતિ મુક્તિં, (૨) વ્રજેત કૈલાશં,
ઇત્યેવં શિવભક્તિં, ઇહલોકેકત્વા, (૨)
શિવસાયુ જયં મુક્તિં, (૨) પરલોકે પ્રાપ્તિં. ૐ જય. ૭

ઉમયાજીની આરતિ.

મા મોતીડે વધાવુંને મંગળ ગાઉમા, (૨)
મારી ઉમયા માજીને વારણે જાઉં (૨) આરતિ કીજે અંબેમા; ૧
મા તાળ મ્રદંગ વેણુ જંત્ર વાગે મા (૨) આ શોભા મારી માજીને છાજે,
આ શોભા ઉમયા માજીને છાજે, આરતિ કીજે અંબે મા. ૨
નૃત્ય કરેને ઉદો ઉદો ગાય મા (૨) ધોળોભટ્ટ બલિહારણુ જાય;
શોકજન બળી હારણુ જાય, આરતિ કીજે અંબે મા. ૩

- જય ઉધાશક્તિ મા (૨) અખંડ બ્રહ્માડ નિપાવ્યા, (૨)
પડવે પંથકમાં, જયો જયો મા જુગદંબે. ૧
દ્વીતિઆ બેય સ્વરૂપ, શિવ શક્તિ જાણું મા (૨)
બ્રહ્મા ગણુપતિ ગાવે, (૨) હરગાવે હર મા જયો જયો. ૨
ત્રતિયા ત્રણુ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા મા (૨)
ત્રયા થકી ત્રીવેણી (૨) તુ ત્રિવેણી મા. જયો જયો. ૩
ચોથ ચતુરા માહાલક્ષ્મી, આદ્ય સચરાચર વાપ્યા મા (૨)
ચારભુજા ચોદશા, (૨). પ્રગટયાં દક્ષિણુમા. જયો જયો. ૪

પંચમે પંચ ઋષિ, પંચમે ગુણ પદમા મા (૨)
પંચતત્વ ત્યાં સોહીએ (૨) માતુંતત્વે મા, જયો જયો. ૫
છઠ્ઠે તું નારાયણી, મહિષાસુર માર્યો મા (૨)
નર નારીને રૂપે (૨) વાપ્યાં સર્વેમા. જયો જયો. ૬
સપ્તમે સપ્તપાતાળ, સાવિત્રી સંધ્યા મા (૨)
ગૌ ગંગા ગાયત્રી, (૨) ગૌરી ગીતા મા. જયો જયો. ૭
અષ્ટમે અષ્ટભૂજા, આઇ આણુંદા મા (૨)
શ્રીનર મુનીવર જન્મ્યા, (૨) દેવ દત્તે મા. જયો જયો. ૮
નવમે નવકુળ નાગ, શેવે નવ દુર્ગા મા (૨)
નવરાત્રીના પુજન (૨) કીધા છે બ્રહ્મા. જયે જયો. ૯
દશમે દશ અવતાર, જય વિજ્યા દશમી મા (૨)
રામે રામ રમાડયા (૨) રાવણ રોળ્યો મા. જયો જયો. ૧૦
એકાદશી અગીઆરસ, કાત્યાયનિ કામા મા (૨)
કામક્ષા કાળકા (૨) શામાને રામા. જયો જયો. ૧૧
બારશે બાળા રૂપ, બહુચરી અંબામા (૨)
બટુક ભૈરવ સોયે, (૨) તારા છે તુજમાં. જયો જયો. ૧૨
તેરશે તુળજારૂપ, તમતારૂણી માતા મા (૨)
બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર (૨) ગુણ તારા ગાતા. જયો જયો. ૧૩
ચૌદશે ચૌદે રૂપ, ચંડી ચામુંડા મા (૨)
ભક્તિભાવ કાંઇ આપો (૨) સિંહવાહન માતા. જયો જયો. ૧૪
પુનમે ભરીયો કુંભ, સાભળજો કરૂણામા (૨)
માર્કન્ડે વખાણ્યા (૨) ગાયે શું કુવિતાય. જયો જયો. ૧૫
આઇ ત્રંબાવટી નગરી, મા રૂપાવટી નગરી (૨)
ળ શહઅ ત્યાં સોયે, (૨) ક્ષમા કરો ગૌરી. જયો જયો. ૧૬
ંવત સોળસેં સતાવન, બાવીસમાં સતાવન (૨)

સંવત સોળમાં પ્રગટયાં (૨) રેવાની તીરે. જયો જયો. ૧૭
આધ શક્તિની આરતિ, જે કોઇ ગાશે મા (૨)
ભણે શિવાનંદ સ્વામિ, (૨) સુખ સંપત થાશે. જયો જયો મા. ૧૮

પુષ્પાંજલી.

જેદેવાસો દિવ્યેકા દશસ્થ પૃથિવ્યામધ્યેકા દશસ્થ ॥ અપ્સુક્ષિતો મહિનૈકા દશસ્થતે દેવાસો જજ્ઞ મિમં જુ ખધ્વંમ્ ॥ ૧ ॥ અસ્મે રૂદ્રા મેહના પર્વતા સો વૃત્રહત્યે ભર હૂતૌ સજોખાઃાજ. સ શુંસતે સ્તુવતેધાયિ પજ્ર ઇદ્રજયેષ્ટા અસ્મા અવન્તુ દેવા ॥ ૨ ॥

હરિ ૐ જજ્ઞેન જજ્ઞ મય જન્ત દેવા સ્તાનિ ધર્માણિ પ્રથમાન્યામંન્ ॥ તેહના કમ હિ માન. સચત યત્ર પૂર્વે સાધ્યાઃ સંતિ-દેવાઃ ૐ રાજાધિરાજાય પ્રસહ્ય સાયિને નમો વયં વૈ શ્રૃવણાય કુર્મહે સમે કામાન્ કામ કામાય મહ્યં કામેશ્વરો વૈ શ્રૃવણો દધાતુ કુબેરાય વૈ શ્રૃવણાય મહારાજાય નમ. ૐ સ્વસ્તિ સામરાજ્યં ભોજ્યં સ્વારાજ્યં વૈરાજ્ય પારમેષ્ટય રાજ્ય મહારાજ્ય મહાધિપત્ય મયં સમન્ત પર્યાયૈસ્યાત્ સાર્વભૌમ સર્વાયુ સ આન્તાદા પરાર્ધાત્ પૃથિવૈ સમુદ્ર પર્યતાયા એકરાડીતી તદપ્યે શ્ષ્લોકો ભિગિતો મરૂત પરિવૃારો મરૂતસ્યા વશંગૃહે અવિક્ષિતસ્ય કામપ્રેર્વિશ્વેદેવા સભાસદ ઇતી ૐ વિશ્વ ત ચક્ષુ રૂત વિશ્વતો મુખો વિશ્વતો બાહુ રૂત વિશ્વ તસ્યાત્ ॥ સં બાહુભ્યા ધમતિ સપ તત્રૈર્ધા વા ભૂમી જનયન્દેવ એકઃ ॥

સમાપ્ત.

આ પુસ્તક શ્રી એકલિંગજી ઇષ્ટદેવની કૃપાઇ છપાવી બાહાર પાડ્યું છે.

આ પુસ્તક મળવાનુ ઠેકાણુ —

શ્રી એકલિંગજી માહાદેવમાંથી—અમદાવાદ સારગપુરમા કોકડીઆની પોળમા.

મેવાડા મણીલાલ ઉમેદરામ—અમદાવાદ સારગપુરમા ધાશીરામની પોળમા.

આ પુસ્તકની છપામણીખર્ચ જતા બાકીના વધેલા પેસા શ્રી એકલિગજીમા ધર્માદા વાપરવાના છે.